ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૧૨-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

ઓસ્ટ્રેલિયામાં આતંકી હુમલો

ઓસ્ટ્રેલિયાના સૌથી મોટા શહેર સિડનીના હૃદય જેવા માર્ટિન પ્લેસ વિસ્તારની ચૉકલેટ કેફેમાં એક બંદૂકધારી ઘૂસી જાય અને ચાલીસ જેટલી વ્યક્તિઓને બંધક બનાવી દે, એ ઘટના કલાકો સુધી ત્યાંની 'સ્માર્ટ' ગણાતી પોલીસ, સરકાર અને દુનિયા સમસ્ત માટે કોયડા સમી બની રહે, એ વિસ્તાર આખા દેશન વીવીઆઈપી ઝોન હોવા છતાં અને મહિના અગાઉ માર્ટિન પ્લેસમાં હુમલો કરવાની આગોતરી ધમકી મળ્યાં છતાં એક જ વ્યક્તિ દ્વારા આ હુમલો કરવામાં આવે તે ફક્ત ઓસ્ટ્રેલિયાની સરકાર માટે જ નહીં બલકે આખી દુનિયા માટે ગંભીર અર્થસંકેતો ધરાવતી બાબત ગણાવી જોઈએ. ભારત અને યુરોપ-એરિકામાં આવા આતંકવાદી હુમલા એ કોઈ નવાઈની વાત નથી રહી. ઓસ્ટ્રેલિયા શાંતિપ્રિય દેશ હોઈ ત્યાં પણ આવી ઘટના બને એથી દેશ આખો હચમચી ઊઠે એ સ્વાભાવિક જ હતું. હુમલા પછી તાબડતોબ સાવચેતીનાં પગલાં રૂપે માર્ટિન પ્લેસમાં આવેલી દેશ-વિદેશની કોન્સ્યુલેટ કચેરીઓ અને ઓસ્ટ્રેલિયાની રિઝર્વ બેંક સહિતની ઈમારતો ખાલી કરાવી દેવાઈ અને ખુદ વડાપ્રધાન ટોની એબટે પત્રકાર પરિષદ કરીને સરજાયેલી પરિસ્થિતિને અતિશય કમનસીબ તથા ગંભીર ગણાવ્યાં છતાં બધાને નિયમિત રીતે પોતપોતાના કામે વળગવાની અપીલ કરી. પોલીસે આજુબાજુની ઈમારતોમાંથી લોકોને બહાર કાઢવાની તથા બંધકોના રેસ્કયુ ઓપરેશન માટે બંધૂકધારી સાથે મંત્રણા કરવાની કાર્યવાહી હાથ ધરી. બધું જ બહુ ચીવટપૂર્વક અને ધાર્યું પરિણામ લાવવાની દૃષ્ટિથી શરૂ કરાયું. સૌથી મહત્ત્વની બાબત બંધક પકડાયેલા નાગરિકો હેમખેમ રહે તે હતી. પોલીસ ફૂંકી ફૂંકીને ડગલાં ભરતી હતી જેથી બંદૂકધારી આતંકવાદી ઉશ્કેરાઈ જઈ આડેધડ ગોળીબાર શરૂ ન કરી દે. પોલીસે એક વચેટિયા મારફત આતંકવાદી સાથે સમજાવટથી કામ લેવાનો અભિગમ દાખવ્યો હોઈ બંધૂકધારીએ ત્રણ બંધકોને તો બહાર પણ જવા દીધા. આ ત્રણ જણ પૈકી એક કેફેના સ્ટાફનો માણસ હતો. થોડી જ વાર પછી બીજા પછી બીજા બે બંધકો બહાર દોડી આવ્યા. કદાચ બંદૂકધારી આતંકીની નજર ચૂકવીને આ પાંચે જણ જે પૈકી બે મહિલાઓ હતી, તે બહાર છટકી જવામાં સફળ થયાં હોય, કુલ પાંચ જણને બહાર જવા દીધા પછી સંદિગ્ધ આતંકવાદીઓએ કેફેના દરવાજા સજ્જડ બંધ કરી દીધા હતા. પોલીસ એક તરફ બંદૂકધારી સંદિગ્ધ આતંકવાદી સાથે સુલેહ મંત્રણા કરે અને બીજી તરફ કમાન્ડો ઓપરેશનની તૈયારીઓ કરે - એવો બેવડો વ્યૂહ અપનાવી ઓસ્ટ્રેલિયાની ન્યુ સાઉથ વેલ્સ પોલીસ નાગરિકોને કોઈ પણ પ્રકારની ઈજા વગર હેમખેમ બહાર લાવવાનો પ્રયાસ કરે છે, જેમાં ખોટી ઉતાવળ નાગરિકોની જાનહાનિમાં પરિણમી શકે એમ હતી. અલ નુસરા નામનું સિરિયાનું આતંકવાદી સંગઠન આ હુમલા પાછળ જવાબદાર હોવાનું મનાય છે. આતંકવાદીઓએ કેફેની બારી પર અરબી ભાષામાં લખાયેલા લખાણ સાથેનો ઝંડો પણ ફરકાવી દીધો છે. પોલીસ ઘણા કલાકો પછી પણ આતંકવાદીના ઈરાદા વિશે સાચી સાચી જાણકારી મેળવી શકી નથી. કદાચ જાણકારી મળી હોય તો તેને જાહેર કરીને પોલીસ વધુ મુસીબત વહોરવા ન માગતી હોય એમ પણ બને. 'અલ નુસરા' આતંકવાદી આત્મઘાતી હુમલાઓ માટે જાણીતા છે. મૂળે અલકાયદાની જ શાખા એવું આ ખૂંખાર આતંકવાદી સંગઠન અનેક દેશો દ્વારા પ્રતિબંધિત જાહેર થયેલું છે. ભારતીય કોન્સ્યુલેટ આ સ્થળથી માંડ ૧૦૦ મીટર છેટે આવેલું હોઈ એ ખાલી કરી દેવાયું હતું અને ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેન ખાતે પહોંચેલી ભારતીય ક્રિકેટ ટીમની સુરક્ષા પણ વધારી દેવાઈ હતી. તદુપરાંત ઓસ્ટ્રેલિયામાં રહેતા મૂળ ભારતીયોની માહિતી માટે હેલ્પલાઈન પણ જાહેર કરાઈ હતી. વડાપ્રધાન મોદીએ ઝારખંડ ખાતે ચૂંટણી પ્રચારમાં જતાં પહેલાં ટ્વિટ કરીને ઓખી પરિસ્થિતિને કમનસીબ ગણાવી હતી અને બંધકોને હેમખેમ છોડાવી શકાય એ માટે શુભેચ્છા પાઠવી હતી. ઓસ્ટ્રેલિયા ઉપર આ પ્રકારનો આતંકવાદી હુમલો એ ઈસ્લામિક આતંકવાદની સાર્વત્રિક ઉપસ્થિતિનું પ્રમાણ છે. ભારત પર એનો ડોળો મંડાયેલો જ છે. ૨૬/૧૧ ના મુંબઈ હુમલાની યાદ અપાવે એવો આ આતંકી હુમલો એ દર્શાવે છે કે દુનિયામાં કોઈ પણ સમયે, કોઈ પણ ખૂણે આતંકવાદીઓ કાળો કેર વરતાવી શકે છે. શરૂઆતમાં એક જ આતંકવાદી કેફેમાં હોવાની વાત બહાર આવી હતી, પાછળથી બીજા બુકાનીધારી આતંકવાદીઓ પણ આ હુમલામાં સામેલ હોવાનું જણાયું હતું. કેફે નજીકના ઓપેરા હાઉસમાં પણ એક વિસ્ફોટકોનું પેકેટ મળી આવતાં ઓસ્ટ્રેલિયન સરકાર અને પોલીસ ભારે ચિંતામાં છે અને ભારે સાવચેતીપૂર્વક કામ કરી રહી છે. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી કોઈ કમાન્ડો ઓપરેશન શરૂ થયેલ નથી. શક્ય હોય ત્યાં સુધી આતંકવાદીઓની માગણીઓનો સ્વીકારી લઈ બંધકોને છોડાવવાનો વ્યૂહ અપનાવાઈ રહ્યો છે. પરંતુ પરિણામ જે આવે તે - આ ઘટના આખી દુનિયાના સત્તાધીશો સામે ઈસ્લામિક આતંકવાદના મસ મોટા પડકાર સમી છે. દુનિયાના તમામ શાંતિપ્રિય રાષ્ટ્રોએ, તમામ મહાસત્તાઓએ એક મંચ પર આવીને વિશ્વ સામેના આ ખતરનાક ઈસ્લામિક આતંકનો સામનો કરવો જ રહ્યો. ભારત માટે તો પાડોશમાં જ પાકિસ્તાન જેવું આતંકવાદીઓનું ઉત્પત્તિસ્થાન છે. નેપાળ જેવા દેશો પણ ડ્રગ્સની હેરાફેરીમાં ખપ લાગે છે. દુનિયા આખી સામે આતંકવાદીઓની બંદૂકની અણી તકાયેલી છે. તે સમયે એનો કાયમી ઉકેલ કઈ રીતે આણી શકાશે, એ માનવ સમાજના ઈતિહાસની સૌથી અઘરી સમસ્યા છે.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭, ગાંધીનગરમાં તાજેતરમાં સંસ્કૃત સંભાષણ વર્ગનું આયોજન થયું હતુ. રોજબરોજના શબ્દો, સ્વપરિચય, તેમજ વાક્ય રચના વગેરે હાજર વિદ્યાર્થીઓ સંસ્કૃતિમાં શીખી હતી. જે તેમને સ્પર્ધાત્મક પરીક્ષામાં ખુબજ ઉપયોગી બની શકે છે. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. મીનાબેન વ્યાસે સંસ્કૃત ભાષાએ દરેક ભાષાના મૂળમાં હોવાનું વિસ્તૃત મહત્વ સમજાવ્યું હતું.

ગુજરાતના અનુસૂચિત જાતિના નિવૃત્ત અને પ્રવૃત્ત અધિકારીઓના સંગઠન લક્ષ્યનો સ્નેહમિલન યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય તથા રાજ્ય હસ્તકના જાહેર સાહસોમાં કાર્યરત અને નિવૃત્ત અધિકારીઓના સંગઠન 'લક્ષ્ય'ના ઉપક્રમે સ્નેહમિલન કાર્યક્રમ શનિવારના રોજ હોટલ હવેલી ગાંધીનગર ખાતે સંપન્ન થયો હતો.

રાજ્યના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ-ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ પૂનમચંદ પરમારના અધ્યક્ષસ્થાને અને નિવૃત્ત અધિક સચિવ એમ.બી. પરમાર, જોઈન્ટ પોલીસ કમિશનર સુરતના સી.આર. પરમાર, ગુજરાત અનુસૂચિત જાતિ નિગમના મેનેજીંગ ડિરેક્ટર આર.એમ. જાદવ, સિવિલ હોસ્પિટલ અમદાવાદના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. એમ.એમ. પ્રભાકર, ગુજરાત પાણી પુરવઠા બોર્ડના ચીફ ઈજનેર રવિ સોલંકી અને હેડ ઓફ પોલીટીકલ સાયન્સ ડિપાર્ટમેન્ટ વલ્લભ વિદ્યાનગરના ડૉ. બલદેવ આગજાના અતિથિ વિશેષ પદે મળેલા આ સ્નેહમિલનમાં ગુજરાત રાજ્યના નિવૃત્ત અને કાર્યરત અધિકારીઓ સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

'ગુજરાત ગૌરવ એવોર્ડ'થી સન્માનિત શીતલ મકવાણાના સ્તુતિગાન અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની તસવીરને પુષ્પ વંદના - દીપ પ્રાગટ્ય સાથે પ્રસંગનો શુભારંભ થયો હતો. આ સ્નેહમિલનમાં 'લક્ષ્ય'ની ભૂમિકા-ભાવિ આયોજનની વિગતો આપતાં આ સંસ્થાના પાયોનિઅર-નિવૃત્ત અધિક સચિવ એમ.બી. પરમારે ગુજરાતના ૪૨ લાખની અનુસૂચિત જાતિની જન સંખ્યામાંથી સરકારી કચેરીઓ - ધંધા વ્યવસાય - રોજગારક્ષેત્રે કાર્યરત વર્ગની સંખ્યા હજી તો ૨૦ ટકાએ પણ નથી પહોંચી અને બાકીના ૮૦ ટકા વર્ગ હજી સંઘર્ષ કરે છે. તે સાથે અનેક વિગતો પુરી પાડી હતી. તેમજ હાજર અતિથિ વિશેષ અધિકારીઓએ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા એન.એસ. જાદવ, એ.બી. પરમાર, કે.એચ. પંડ્યા, જે.જી. પંડ્યા, નયનાબેન શ્રીમાળી, અંકિતાબેન પરમાર, દીપક મકવાણા, ગોપાલભાઈ બામણીયા, યુ.એન. પટ્ટણી સહિત સૌએ ભારે જહેમત ઉઠાવી હતી.

આર.એન.પટેલ શાળામાં બાલોત્સવ યોજાયો હતો

ગાંધીનગર, તા. ૧૫

શહેરની સેક્ટર-૨ ૩માં આવેલ આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં બાલોત્સવ યોજાયો હતો. જેમાં શાળાના ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાલોત્સવમાં જુદી જુદી અનેક રમતો અને સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં બાળકોએ રમતોમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી ઈનામો પ્રાપ્ત કર્યા હતા. શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે ઈનામો અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા અને અભિનંદન પાઠવ્યા હતા.

આજે એ.એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા પાંચમી એથ્લેટીક મીટ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

શહેરના સે. ૨૩માં સ્થિત એ.એ. પટેલ કોમર્સ કોલેજના યજમાન પદે સાંઈ સંકુલ સે. ૧૫ ગાંધીનગર ખાતે આજે ૧૦.૩૦ કલાકે 'પાંચમી એથ્લેટીક મીટ ૨૦૧૪-૨૦૧૫' યોજાશે.

આજે તા. ૧૬મી ડિસે.-૨૦૧૪ના રોજ યોજાનાર એથ્લેટીક મીટમાં અધ્યક્ષ તરીકે કડી સર્વ વિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે ડાયરેક્ટર ડી.ટી. કાપડીયા ખાસ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગરની કડી કોલેજ હોલમાં જ્ઞાનયજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

સમદર્શન આશ્રમ ગાંધીનગર દ્વારા 'જ્ઞાનયજ્ઞ'નું સુંદર આયોજન ગાંધીનગરના કડી કોલેજ હોલમાં કરવામાં આવ્યું છે.

પૂ. આદ્યગુરૂ શંકરાચાર્યજી રચિત 'ભજ ગોવિન્દમ્' સ્તોત્રનો સત્સંગ પૂ. ગુરૂમા સમાનંદજી સરસ્વતિજી દ્વારા તા. ૧૮-૧૨-૧૪ થી તા. ૨૫-૧૨-૧૪ દરમિયાન સાંજે ૬.૩૦ થી ૮.૦૦ ના સમયે કડી કોલેજ હોલ, સેક્ટર-૨૩ ખાતે આયોજીત કરવામાં આવેલ છે. આ ભક્તિ પ્રસંગે સૌ કોઈને નિમંત્રણ અપાયું છે તેવું એક અખબારી યાદીમાં જણાવાયું છે.

હરિની દૃષ્ટિ...

જરાય ગભરાશો નહીં જમાદાર, સિડની જેમ અહી આતંકવાદી ના હોય... અહીં ચોકીમાં પણ એક-બે બુકાનીધારી ફરે છે...!! ઠંડીને કારણે..!

ઈન્ટર સ્કુલ પ્રિમિયમ લીગ આઈ.એસ.પી.એલ.ની ફૂટબોલ ટૂર્નામેન્ટમાં

તીર્થ શેઠને આઈ.એસ.પી.એલ. દ્વારા બેસ્ટ પ્લેયર ઓફ ટૂર્નામેન્ટનો એવોર્ડ અપાયો

વિશ્વમાં અનેક દેશોમાં સૌથી વધુ રમાતી ફૂટબોલ રમત હવે ભારતમાં પણ ક્રિકેટ પછી સૌથી વધુ લોકપ્રિય થઈ રહેલ છે. હવે તે જ રીતે ગુજરાતમાં પણ અમદાવાદના જે.જી. ઈન્ટરનેશનલ સ્કુલના ફૂટબોલ ટીમના પ્રતિભાશાળી ૧૧ વર્ષના ખેલાડી તીર્થ શેઠ એ સ્કુલના સ્પોર્ટસ્ કોચ શ્રી કુલદીપ ગઢવીના માર્ગદર્શન હેઠળ રાજ્યકક્ષાની સ્પર્ધા ખેલ મહાકુંભ - ૨૦૧૪ અને સ્કુલ કક્ષાની આઈ.એસ.પી.એલ. જેવી સ્પર્ધામાં સતત શ્રેષ્ઠ દેખાવ કરી રહેલ છે.

તાજેતરમાં "ઈન્ટર સ્કુલ પ્રિમિયમ લીગ - આઈ.એસ.પી.એલ." આયોજીત સ્કુલ કક્ષાની સ્પર્ધામાં જે.જી. ઈન્ટરનેશનલ સ્કુલના અંડર-૧૨ ના કેપ્ટન તીર્થ શેઠ એ પોતાની શાનદાર રમત દ્વારા ટીમને ફાઈનલ સુધી પહોચાડીને વિજેતા બનાવવામાં આપેલ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બદલ તીર્થ શેઠને વાય.એમ.સી.એ. ક્લબ ખાતે આઈ.એસ.પી.એલ.એ બેસ્ટ પ્લેયર ઓફ ટુર્નામેન્ટનો એવોર્ડ આપી પ્રોત્સાહિત કરેલ છે. તદ્ઉપરાંત નવેમ્બર માસમાં ગુજરાત સરકરા આયોજીત "ખેલ મહાકુંભ - ૨૦૧૪"

માં રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં અંડર-૧૩ કેટેગરીમાં અમદાવાદ જિલ્લાની ટીમ સતત પાંચ વિજય સાથે સ્ટેટ ચેમ્પીયન બનેલ. જેમાં વિજેતા ટીમના ખેલાડી તીર્થશેઠનો દેખાવ ખૂબજ ઉમદા અને નોંધનીય રહેલ હતો.

ચુંવાર બોત્તેર કડવા પાટીદાર પ્રગતિમંડળનો સ્નેહમિલન યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

શ્રી ચુંવાળ બોતેર કડવા પાટીદાર પ્રગતિ મંડળ, ગાંધીનગરનો સ્નેહમિલન સમારંભ તાજેતરમાં હોટલ ઘુંઘટ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

આ સ્નેહમિલન સમારંભમાં મંડળના સભ્યોની નવેસરથી વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે સર્વશ્રી દશરથભાઈ બી. પટેલ, ઓઢવપુરા, ઉપપ્રમુખ તરીકે દશરથભાઈ એમ. પટેલ, કટોસણ ધનપુરા, ખજાનચી તરીકે મુકેશભાઈ એન. પટેલ, ભેંસાણા, મહામંત્રી તરીકે ભરતભાઈ સી. પટેલ, ચડાસણા, સહમંત્રી તરીકે દિનેશભાઈ એન. પટેલ, અશોકનગરની વરણી કરવામાં આવી હતી. સેક્ટર-૧ થી ૩ ના કારોબારી સભ્ય તરીકે ચીમનભાઈ ટી. પટેલ, રામપુરા ભંકોડા, સેક્ટર-૪ થી ૫ માટે દિનેશભાઈ એસ. પટેલ, શ્રીજીનગર સેક્ટર-૬ થી ૧૦ માટે મુકેશભાઈ બી. પટેલ, ઓઢવપુરા, સેક્ટર-૧૧ થી ૧૫ માટે યોગેશભાઈ આઈ. પટેલ, ભેંસાણા, સેક્ટર-૧૬ થી ૨૦ માટે બાબુભાઈ સી. પટેલ, મેમદપુર અને સેક્ટર-૨૧ થી ૩૦ માટે નારણભાઈ એસ. પટેલ અને ઈન્ફોસિટ, સરગાસણ, કોબા, ભાટ, કુડાસણ, પેથાપુર, રાંધેજા માટે સુભાષભાઈ આર. પટેલ, પ્રતાપનગરની વરણી કરવામાં આવી છે.

એમ.બી. પટેલ શાળામાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એમ.બી. પટેલ કન્યા શાળામાં પૂ. દાસકાકા શિયાળુ રમતોત્સવ અને બાલોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. રમતોત્સવ અને બાલોત્સવ દરમિયાન બાળકો માટે દોડ, લાંબી કૂદ, ગોળાફેંક, કોથળા દોડ, સ્લો સાયકલ જેવી વિવિધ રમતો તથા શ્રુતલેખન, વેશભૂષા, નૃત્ય, જેવી વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઈનામો મેળવ્યા હતા. વિજેતા થનાર વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના મીડિયા એકમ ડીએવીપી દ્વારા

અડાલજ વાવ ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ફોટો પ્રદર્શનનો પ્રારંભ

ધારાસભ્ય શંભુજી ઠાકોરે સાત દિવસ ચાલનારા આ પ્રદર્શનને ખુલ્લું મુક્યું

ગાંધીનગર, તા. ૧૫

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના મીડિયા એકમ ક્ષેત્રિય પ્રદર્શન કાર્યાલય, અમદાવાદ દ્વારા આયોજિત 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ફોટો પ્રદર્શનને આજે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે અડાલજ વાવ ખાતે પ્રજાના લાભાર્થે ખુલ્લુ મુક્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી ઠાકોરે જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારથી દેશની શાસનધુરા સંભાળી છે ત્યારથીજ તેમણે દેશવાસીઓના કલ્યાણ માટે અનેક પ્રકારની યોજનાઓ બનાવી છે. આ યોજનાઓ જન જન સુધી પહોંચે અને લોકો તેનો લાભ લઈ દેશના વિકાસમાં સહભાગી બને તે માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાનના આ સ્વપ્નને સાકાર કરવા વિજ્ઞાપન અને પ્રચાર નિદેશાલય ગામે ગામે ફરી

અમલીકૃત યોજનાઓની માહિતી આવા પ્રદર્શન દ્વારા લોકો સુધી પહોંચાડી રહ્યું છે.

ગુજરાતની શાન સમા વિશ્વ વિખ્યાત અડાલજની વાવ ખાતે તા. ૧૫થી ૨૧ ડિસેમ્બર સુધી ચાલનારા આ પ્રદર્શનમાં રંગીન તસવીરોના માધ્યમથી ભારત સરકારની જન કલ્યાણકારી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી જન ધન યોજના, સ્વચ્છ ભારત મિશન, સાંસદ આદર્શ ગ્રામ યોજના, નમામી ગંગે સમન્વિત ગંગા સંરક્ષણ મિશન, શ્યામા પ્રસાદ મુખર્જી ગ્રામીણ શહેરી રૂરબન, મેક ઈન ઈન્ડિયા, પંડીત દીન દયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના, સ્માર્ટ સીટી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, બેટી બચાવો બેટી ભણાવો, ગ્રામીણ આવાસ સુવિધા-વર્ષ ૨૦૨૨ સુધી પ્રત્યેક માટે આવાસ, સ્કીલ ઈન્ડિયા વગેરે યોજનાઓથી લોકોને શિક્ષિત કરવામાં આવશે.

આ પ્રસંગે અડાલજના સરપંચ શ્રી પી.પી. ભૂરિયા, ઉપ સરપંચશ્રી જયેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના સભ્યો, ડીએવીપી અમદાવાદના ક્ષેત્રિય પ્રદર્શન અધિકારી શ્રીમતી સુમન મછાર, અન્ય વિભાગોના અધિકારીઓ, વિવિધ મીડિયા એકમોના પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ક્રિસમસના સેલીબ્રેશનમાં કરૂણામૂર્તિ મધર ટેરેસાની યાદ આવે

વિચારસભા
કરૂણામૂર્તિ - મધર ટેરેસા
નેહલ જયદીપ ગઢવી

ડિસેમ્બર મહિનો એટલે ઠંડીનું આગમન વાતાવરણમાં શીતળતાનો અહેસાસ, લગ્નોની મિજબાનીઓ અને શિયાળુ પાકની જયાફતો! પરંતુ, ડિસેમ્બર મહિનાનું સર્વશ્રેષ્ઠ આકર્ષણ ક્રિસમસ સેલીબ્રેશન! ક્રિસમસ સેલીબ્રેશનમાં મન ભરીને એન્જોય કરીએ ત્યારે મધર મેરી સમા કરૂણામૂર્તિ મધર ટેરેસાની યાદ આવે! સળંગ ૪૫ વર્ષ સુધી તેમણે ગરીબ, બિમાર, અનાથ અને મરણપથારીએ પડેલા લોકોની સેવા કરી કરી અને સાથોસાથ પ્રથમ સમગ્ર ભારત વર્ષમાં અને ત્યારબાદ અન્ય દેશમાં ચેરિટી મિશનરીઝના વિસ્તરણ માટે માર્ગદર્શન પણ પૂરું પાડ્યું. જે રીતે મહાત્મા ગાંધી ભારતના હોવા છતાં આખા જગતના પણ હતા તે જ રીતે માતા ટેરેસા દુનિયાભરનાં હતા, છતાં ભારતનાં કંઈક વિશેષ હતા. આ બંને મહાન હસ્તીઓમાં મુખ્ય સમાનતા એ હતી કે બંનેએ દરિદ્રનારાયણની સેવામાં જીવન સમર્પિત કર્યું. સાંપ્રત સમયમાં મધર ટેરેસાના આ શબ્દો અત્યંત હૃદયસ્પર્શી લાગે કે 'આજે લોકો પ્રેમનાં ભૂખ્યા છે, સમજદારી ભરેલા પ્રેમને એ ઝંખે છે. આટલી બધી ગરીબી અને એકલવાયાપણાનો એ જ ઉકેલ છે. ઈંગ્લેન્ડ અને અમેરિકા જેવા દેશમાં રોટલા માટેની ભૂખ નથી રહી. પણ ત્યાં લોકો ભયંકર એકલતા, ભયાનક હતાશા, ભયાનક ધિક્કાર અનુભવી રહ્યા છે; એમને લાગે છે કે કોઈની એમની પડી નથી, એમને મદદ કરનારું કોઈ નથી, એમને કોઈ આશા નથી. કેવી રીતે સ્મિત કરવું તે એ ભૂલી ગયા છે. માનવીના સ્પર્શનું સૌંદર્ય એ વિસરી ગયા છે. મનુષ્યનો પ્રેમ શું છે તે એ ભૂલવા માંડ્યા છે કોઈક એમને સમજી શકે, એમને સન્માન આપે તેની એમને ઝંખના છે.'

મધર ટેરેસાનો જન્મ ગાંધીજી પછી ચાર દાયકે, ૧૯૧૦માં યુરોપમાં યુગોસ્લાવીઆ દેશમાં થયેલો. માતા-પિતા નજીકના નાનકડા દેશ આલ્બેનીયાનાં હતા. આગ્નેસ ગોન એક્સ હે બોજાક્ષહિયુ (આલ્બેનિયનમાં ગોનએક્સહે એટલે 'ગુલાબની કળી') એટલે કે મધર ટેરેસાનો જન્મ ૨૬ ઓગસ્ટ, ૧૯૧૦માં થયો. તેઓ ભારતીય નાગરીકત્વ ધરાવનાર એક આલ્બેનિયન રોમન કેથલિક નન હતા. ૧૮ વરસની ઉંમરે એમણે આયલેન્ડ લઈને સાધ્વી તરીકે દીક્ષા લીધી. અને ત્યારબાદ માત્ર છ અઠવાયાના ટૂંકા સમયગાળામાં તો એ યુવતી જહાજે ચડી - ભારત આવીને પોતાના પંથની શાળાઓમાં ભણાવવા માટે લગભગ બે દાયકા સુધી કલકત્તાની સેંટ મેરી હાઈસ્કૂલનાં એ ભૂગોળના શિક્ષકા રહ્યાં; થોડા વરસ તેના આચાર્ય પણ બન્યા. ટેરેસાને શાળામાં ભણાવવું ગમતું હતું, તેમ છતાં કલકત્તામાં તેમની આજુબાજુ પથરાયેલી ગરીબીથી તેઓ વધુને વધુ વિક્ષુબ્ધ બની જતા. ૧૯૪૩ની અછતના કારણે શહેરમાં દુઃખ અને મૃત્યુના અંધારા વાદળ છવાયા. શાળાની પડોશમાં જ આવેલી કલકત્તાની ભયાનક ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબો, મરીઝો અને મરણ પથારીએ પટકાયેલાઓની સેવા કરવાનો એક ઉમદા સંકલ્પ મધર ટેરેસાના અંતરમાં ઊગ્યો. પોતાનું શરૂઆતનું વર્ષ અનેક મુશ્કેલીઓ અને તકલીફોથી ભરપૂર રહ્યું તેમ ટેરેસાએ સ્વયં પોતાની રોજનીશીમાં લખ્યું છે. તેમની પાસે ત્યારે આવકનો કોઈ સ્રોત નહોતો અને એટલે તેમણે ખોરાક અને અન્ય જરૂરિયાતો માટે ભીખનો આશરો લેવો પડ્યો હતો. શરૂઆતના આ મહિનાઓમાં તેમને શંકા, એકલતા અને પોતાના કોન્વેન્ટના આરામદાયક જીવનમાં પાછા ફરી જવાની લાલચ અનુભવ્યા હતા. મધર ટેરેસાનું મુખ્ય મિશન હતું. 'આખા સમાજભરના ભૂખ્યા, ઘરવિહોણાં, અપંગ અને રક્તપીતિયા છે, એવા તમામ લોકો જે પોતાને જ જોઈતા, પ્રેમવિહોણાં, સારસંભાળ-કાળજી વિહોણાં અનુભવે છે, એવા લોકો જે સમાજ પર ભારરૂપ બની ગયા છે અને જેમને દરેક જણ ટાળે છે. તેમની સંભાળ રાખવાનું!' અને આ ઉમદા મિશનની શરૂઆત કલકત્તામાં માત્ર ૧૩ સભ્યોની નાની સંખ્યાથી થઈ જયારે આજે તેમાં ૪૦૦૦ થી વધુ નન છે, જે વિશ્વભરમાં અનાથાલાયો, એઈડ્સના રૂગ્ણાલયો અને અન્ય ચેરિટી સેન્ટર્સ સેન્ટર્સ ચલાવે છે. તેમ જ શરણાર્થીઓ, અંધ, અશક્ત, વૃદ્ધ, દારૂડિયાઓ, ગરીબો અને ઘરવિહોણાં લોકો તથા પૂર, રોગચાળા અને અછતગ્રસ્તોની સારસંભાળ રાખે છે.

મધર ટેરેસા અને તેમની સાથેનાં સાધ્વીનો કલકત્તાની શેરીઓમાં ફરતા અને જીવનમાં અંતિમ શ્વાસ લેતાં, રસ્તા પર પડેલાં દુર્ભાગીઓને ઊચકી ઊચકીને લઈ જતાં 'નિર્મળ હૃદય' નામના પોતાના મકાનમાં; કે જેથી બીજું કાંઈ નહીં તો એ લોકો શાંતિ અને સ્નેહના વાતાવરણમાં પ્રાણ તો છોડી શકે. મધર કહેતાં કે સહુથી મોટો સવાલ એ ગરીબોની બેહાલી નથી., પણ એમને માટેની કરૂણાનો અભાવ છે. મધર ટેરેસાએ અનુભવ્યું કે ગરીબો એકલા કલકત્તામં જ નહિ પરંતુ, આખા દેશમાં અને દુનિયાભરમાં ફેલાયેલાં છે. માટે એ સૌની સેવા કાજે તેઓ દેશદેશાવરમાં ઘૂમવા લાગ્યાં. સેવાકાર્યો માટે પૈસાની જે જરૂર પડે, તેની ચિંતા એમને કદી રહી નથી. તેઓ હંમેશા કહેતા 'ભગવાન આપી રહે છે.' ખ્રિસ્તી ધર્મના વિશ્વભરના વડા પોપ ૧૯૬૯માં એક આંતરરાષ્ટ્રીય સંલેલન માટે મુંબઈ આવેલા. એ પ્રસંગે એમની સગવડ માટે ખાસ બનાવેલી મોંઘી કાર અમેરિકન પ્રજાએ એમને ભેટ આપેલી. સંમેલન પુરું થયે પોપે એ મહાકાય મોટરકાર મધર ટેરેસાને અર્પણ કરી. મધરને તો એમાં બેસીને કયાં ફરવાનું હતું? એટલે કુષ્ટરોગીઓ કાજે 'શાંતિનગર' નામનું ધામ એમને આસનસોલમાં બાંધવું હતું. તેને માટે રૂા. ચાર લાખ એ ગાડીના લીલામમાં ભેગા કરવાનું એમને ઠરાવ્યું. ચાર જ લાખ જોઈતા હતા અને લીલામમાં એથી વધારે રકમ બોલાય તો એમને લેવી નહોતી. એટલે મધરે સો-સો રૂપિયાનાં દાન લોકો પાસેથી માગ્યાં, તેને માટે ૪૦૦૦ પાવતી ગણીને છપાવી. જેવી ચાર હજારની પાવતી ફાટી, તેવું એમને વધુ દાન સ્વીકારવાનું બંધ કરી દીધું. કેટલાક લોકોએ રૂા. ૪ લાખ પૂરા ચૂકવીને એ યાદગાર ગાડી જાતે ખરીદી લેવૌની તૈયારી બતાવેલી પણ મધર તેમને ના પાડી. એટલી મંટી રકમ ચૂકવવા જે માણસ તૈયાર થાય, તેનાં નાણાં શુદ્ધ હશે કે કેમ, તેની એમને ખાતરી નહોતી. એટલે પેલી પાવતીઓનાં ૪૦૦૦ ક્રમાંકમંથી એકને લોટરીની જેમ ચૂંટીને એ નંબર ધરાવતાં રૂા. ૧૦૦ના દાતાને એ મોટરકાર ભેટ આપી દીધી.

● અનુસંધાન પાના - ૭ પ